Vol. 3, Issue: 3, March: 2015
(IJRSML) ISSN: 2321 - 2853

# આધુનિકોત્તર ગુજરાતી ટૂંકીવાર્તામાં નારીની છબી

પ્રતિકાબેન. એસ. ચૌધરી
પીએચ.ડી શોધછાત્રા

ગુજરાતી સાહિત્યમાં સુરેશ જોશીને આધુનિકયુગના પ્રણેતા માનવામાં આવે છે.આધુનિકયુગમાં માનવી કેન્દ્રમાં હતો. વિછિન્ન્તા, એકલતા, નિરાશા વગેરે મનુષ્યજીવનમાં વ્યાપી ગઈ હતી. તેનું આલેખન આ સાહિત્યમાં વધુ જોવા મળે છે. આધુનિકયુગ પછી આધુનિકોત્તર યુગ જોવા મળે છે. ટૂંકીવાર્તાને આધુનિકોત્તરયુગમાં "પરિષ્કૃત વાર્તા" તરીકે ઓળખાઈ તો હિન્દીમાં "નવી વાર્તા" તરીકે ઓળખાઈ છે. વાર્તાઓમાં સંવેદનાનુ વિષય વસ્તુને મહત્વ, પાત્રને એના કુટુંબ, સમાજ વચ્ચે રાખવામાં આવે છે. પાત્રો પોતાની ઓળખ લઈને આવે છે. વાર્તામાં વાસ્તવિક જીવનના પરિવેશનો મહિમાના ઉલ્લેખો વગેરે વાર્તામાં વધુ ધ્યાનપાત્ર છે.

આધુનિકોત્તર વાર્તામાં વસ્તુસંકલન, ભાષા, પાત્રો વગેરે બાબત પર વિશેષ ભાર મૂકાયો છે. આ યુગની નવલિકાએ પરંપરાગતયુગ અને આધુનિકયુગની સારી બાબતો સ્વીકારી છે. જેમાં નારી ચેતના, ગ્રામચેતના, નગર ચેતના, દલિત ચેતના વગેરે વિશે વાત કરવામાં આવી છે. આધુનિકોત્તરયુગમાં ટૂંકીવાર્તામાં નારીની છબી વિવિધ રીતે રજૂ થતી જોવા મળે છે. નારીવાદ ની અસર, શિક્ષણનો પ્રભાવ થતાં નારીની સ્વની જાગૃતિને કારણે તેમના સ્થાનમાં, સ્થિતિમાં થોડો ફેરફાર જોવા મળે છે. જેનું પ્રતિબિંબ વાર્તામાં જોવા મળે છે.

હિમાંશી શેલતની વાર્તાઓમાં "અંતરાલ", "ઈતરા", "અકબંધ", "બારણું", "કિંમત", "શાપ", "સાંજનો સમય", "અંધારી ગલીમાં સફેદ ટપકાં", "બળતરાના બીજ", વગેરે ઉત્તમ નરીકેન્દ્રી વાર્તાઓ છે.તેમજ હરીશ નાગ્રેચા ની વાર્તાઓમાં નારીના અવનવા રૂપો જોવા મળે છે. "કૂબો" ," કુલડી", "કેટ- વૉક", જેવી વાર્તાઓમાં તેમને સ્ત્રીના મૂલ્યની વાત કરી છે. ગ્રામ્યપરિવેશ સાથે સ્ત્રીની સંવેદના ને નિરૂપતા સબળ વાર્તાકાર કિરીટ દૂધાતે "બાપાની પીંપર" નામના વાર્તાસંગ્રહમાં નિરૂપેલી" બાયુ" નામની વાર્તા સ્ત્રીના સ્વમાનભંગ અને વિશ્વાસભંગ ને વ્યક્ત કરે છે. રમેશ દવેની "શબવત", "જલાવરણ", નરીની જુદી જ છબી વ્યક્ત કરતી વાર્તાઓ છે. મણિલાલ હ.પટેલની "રાતવાસો", "ખેંચાયેલા વરસાદ", "બદલી", "પડતર", માં સ્ત્રીના અવનવા રૂપો, સમસ્યાઓ જોવા મળે છે.

પુરુષ લેખકોની સાથે સ્ત્રી લેખિકાઓ પણ નારીના જગતને આલેખ્યું છે. તેમાં ઉષાબેન ઉપાધ્યાયની "હુ તો ચાલી" વાર્તા જુદી છે.તો પારૂલ દેસાઈની "વિપર્યાસ", "અરીસો" નારીચિત્તની સૂક્ષ્મ લીલાઓનું આલેખન કરતી વાર્તાઓ છે.જ્યારે બિંન્દુ ભટ્ટની "મંગળસૂત્ર" વાર્તા સામાજિક પરિવેશ સાથે નારીની

છબી ઉપસાવે છે. આ ઉપરાંત ડાયસ્પોરા લેખિકા પન્ના નાયકની "લેડી વીથ અ ડોટ", "નિત્યક્રમ", "વળાંક", "ફ્લેમિન્ગો" જેવી વાર્તાઓમાં વિદેશમાં રહેતા ભારતીય સ્ત્રીની સમસ્યાઓ આલેખાઈ છે.

આધુનિકોત્તર સમયમાં ગ્રામચેતનાની સાથે દલિતચેતનાનું સાહિત્ય પણ જોવા મળે છે. તેમાં જોસેફ મેકવાનની " પન્નાભાભી", વાર્તા મહત્વની છે. આ ઉપરાંત મોહન પરમારની "થળી", "નકલંક" જેવી વાર્તા નારીના જુદા જ રૂપો પ્રગટ કરે છે. તો હરીશ મંગલમની "દાયણ" તથા ભી. ન વણકર, માવજી મહેશ્વરી વગેરે સર્જકોની વાર્તાઓમાં નારીનું ચિત્ર જોવા મળે છે. સાંપ્રત સમયમાં શિક્ષણ પામેલી સ્ત્રીઓની સમસ્યાઓ જ છે. તેમાં ધીરેન્દ્ર મહેતાની "ઘઉ વીણતી સ્ત્રીઓ" વાર્તામાં સ્ત્રીની ડિગ્રીઓ ધૂળ ખાય છે. શિક્ષિત હોવા છતાં મુશ્કેલીઓનો સામનો કરતી સ્ત્રીની વાત જ્યારે પરિણિત પુરુષના પ્રેમમાં પડેલી "અઠ્ઠાવીસ વર્ષની છોકરી" નામની વીનેશ અંતાણીની વાર્તા સ્ત્રીની જુદી જ સમસ્યાને નિર્દેશ કરે છે.કલ્પેશ પટેલની " સહી" વાર્તામાં સરપંચ નારીનું મનોજગત નિરૂપાયું છે. અજીત ઠાકોરની "તખુની વાર્તા" જેમાં ગ્રામ્યપરિવેશની સ્ત્રીઓનું જગત આલેખ્યુ છે. તો રવીન્દ્ર પારેખની "દિવાલ", મહેન્દ્ર પરમારની "પૉલીટૅકનીક" મનોહર ત્રિવેદીનો "નાતો" વગેરેનો સમાવેશ થાય છે. આધુનિકોત્તરયુગમાં નારીની પ્રતિમા જુદી જુદી રીતે નિરૂપાઈ છે.ઉપર્યુક્ત સર્જકો ઉપરાંત નાઝિર મનસુરી, મોના પાત્રાવાલા, માય ડિયર જયુ, સ્વાતિ મેઢ, રવીન્દ્ર પારેખ, પુરુરાજ જોષી, હરીશ મંગલમ વગેરે સર્જકોની વાર્તાઓમાં નારીની છબી જોવા મળે છે. "બળતરાના બીજ" જેવી વાર્તા દ્વારા એ સ્પષ્ટ થાય છે કે એક સ્ત્રીની સંવેદના, લાગણી કોઈ પુરુષ સમજતો નથી તેની સમકક્ષ બીજી સ્ત્રી જ સમજી શકે છે.જ્યારે "બારણું" વાર્તામાં વાતાવરણ અને નિયતિને સ્ત્રીનું સમાજમાં સ્થાન સૂચવે છે. "મંદા" ને શું કરવું છે.? કે તેની ઈચ્છા વિશે ક્યારેય પૂછવામાં આવ્યું નથી અહીં ડિગ્રી પણ ધૂળ ખાય છે. જેવા કઠોર વાસ્વવને રજૂ કરે છે."કુલડી" જેવી વાર્તા તો એ સત્યને નિર્દેશ કરે છે કે ' સ્ત્રીને કોઈ સમજતું નથી એક સ્ત્રીને બીજી સ્ત્રી પણ સમજતી નથી. તેમજ "શબવત" ની નાયિકા સંવેદનહીન પતિ પાસે જઈને " શબવત" થઈ જાય છે. આવા કઠોર સત્યને આ વાર્તા નિર્દેશ કરે છે.

"મગન સોમાની આશા" ,"બાપું" ,"કરિયાવર" જેવી ગ્રામ્યપરિવેશવાળી વાર્તાઓમાં સ્ત્રીની સમસ્યા લગ્ન માટે પૂછવામાં આવતું નથી પોતાના વિચારો સાચા હોવા છતાં તેના સ્વમાનને માન આપવામાં આવતું નથી. 'સ્ત્રીની બુધ્ધિ પગની પાનીએ' એમ માનીને ચાલતો સમાજ જોવા મળે છે. ચતુર પટેલની "શગ" તથા કલ્પેશ પટેલની " સહી" વાર્તાઓમાં તેનો વિસ્તારથી ઉલ્લેખ રજૂ કરયો છે.

જ્યારે "થળી" વાર્તામાં દલિત હોવાના પ્રશ્નો જોવા મળે છે, સવર્ણો જાહેરમાં આ દલિતોને અસ્પૃશ્ય માને છે.દલિત સ્ત્રી એકલી મળે તો શારિરીક શોષણ કરે છે.પણ દલિત સ્ત્રીને પોતાની પત્ની બનાવવાનું કોઇપણ સંજોગોમાં મંજૂર નથી જેવા સામાજિક કઠોર વાસ્તવને રજૂ કરે છે.જ્યારે પરણિત સ્ત્રી પરપુરુષનો પ્રેમ મેળવવામાં કેવા ભયસ્થાનો જોવા મળે તથા સમાજ તેને કેવી નજરે જુએ છે તેનું તારણ " નકલંક" વાર્તામાંથી મળે છે તો પરણિત પુરુષના પ્રેમમાં પડેલી "ઈતરા" ની નાયિકાનું જીવન જોતાં સ્રી જીવનની કરુણતા જોવા મળે છે તેવી સ્ત્રી માટે ઘણું ચાલવા છતાં "ઘર" આવતું નથી તો

પતિના કટુવચનો સાંભળવા પડે છે. જેવી બાબતો આ વાર્તાઓમાં જોવા મળે છે. પન્ના નાયકની "લેડી વીથ અ ડોટ" ની નાયિકા વિદ્રોહ – પ્રતિકાર કરે છે તે રક્ષા પામે છે જ્યારે "મગન સોમાની આશા" અંત સુધી મક્કમ રહે છે. "કૂબો"ની નાયિકા 'કૂંજ' ની ભ્રમણા તૂટે છે અને દહેજમાં પૈસાના બદલે ઘરની ચાવી આપે છે.

ગુજરાતી ટૂંકીવાર્તામાં પરંપરાગતયુગ અને આધુનિકયુગમાં જે વિકાસ થયો તેનું ફળ આધુનિકોત્તર ટૂંકીવાર્તામાં જોવા મળે છે. પરંપરાગતયુગમાંથી 'વાસ્તવિકતાનું આલેખન' અને આધુનિકયુગમાંથી 'વિષયવસ્તુનું આલેખન' , સૂક્ષ્મતાનું આલેખન', પ્રતીકાત્મક આલેખન' વગેરે સારી બાબતોને આ યુગની ટૂંકીવાર્તાએ સ્વીકારી છે. સ્ત્રી લેખિકા અને પુરુષ લેખક એમ બંનેની વાર્તાઓમાં નારીની છબી ઝિલાઈ છે. પહેલા આક્રોશ કરતી સ્ત્રીનું ચિત્ર જોવા મળતું હતું, હવે તેના ઉત્કર્ષ પર ભાર મૂકાયો છે. આધુનિકોત્તરયુગમાં ગ્રામચેતનાની નારી, દલિતનારી તથા નગરચેતનાઅની નારીની સંવેદના નિરૂપાઈ છે. આ યુગની નવલિકામાં નારીની જુદી- જુદી છબી જોવા મળે છે.